MAHARAJA KRISHNAKUMARSINHJI BHAVNAGAR UNIVERSITY

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ, ગૌરીશંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪૦૦૧.(ગુજરાત) ફોનઃ (જનરલ) (૦૨૭૮) ૨૪૩૦૦૦૨–૬–૭/૨૫૧૧૫૬૫/૬૬
કુલપતિ : (ઓ) ૨૪૨૬૫૧૯ (ઘર) ૨૪૨૯૦૮૬ કુલસચિવ : (ઓ) ૨૪૨૮૦૧૪ ફેકસ : (૦૨૭૮) ૨૪૨૬૭૦૬, ૨૫૧૩૯૪૩
ઈમેઈલ : registrar@mkbhavuni.edu.in વેબ સાઈટ : www.mkbhavuni.edu.in

## જાહેરાત નં. ૦૨ / ૨૦૧૯

સંસ્થા ખાતે સરકારશ્રીના ઠરાવો અન્વયે નીચેની વિગતે પ્રવર્તમાન નિયમીત પગાર ધોરણમાં શૈક્ષણિક તથા વહીવટી જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત અરજી ફોર્મમાં **તા. ૦૧/ ૧૧ / ૨૦૧૯** સુધીમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ગૌરી શંકર લેઈક રોડ, ભાવનગર–૩૬૪૦૦૧ના સરનામે અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | પે મેટ્રીકસ લેવલ | પે મેટ્રીકસ | જગ્યાની સંખ્યા | કેટગરી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | UR | SC | ST | SEBC | EWS |
| ૧. | આચાર્ય – એમ. જે. કોલેજ ઓફ કોમર્સ | ૧૩ એ | ૧૩૧૪૦૦ - ૨૧૦૮૦૦ | ૦૧ | ૦૧ | --- | --- | --- | --- |
| ૨. | આચાર્ય – શામળદાસ આર્ટસ કોલેજ | ૧૩ એ | ૧૩૧૪૦૦ - ૨૧૦૮૦૦ | ૦૧ | ૦૧ | --- | --- | --- | --- |
| ૩. | પરીક્ષા નિયામક | ૧૧ | ૬૭૭૦૦ - ૨૦૮૭૦૦ | ૦૧ | ૦૧ | --- | --- | --- | --- |
| ૪. | સિસ્ટમ એનાલીસ્ટ | ૦૯ | ૫૩૧૦૦ - ૧૬૭૮૦૦ | ૦૧ | ૦૧ | --- | --- | --- | --- |
| ૫. | મદદનીશ ગ્રંથપાલ | ૦૯ | ૫૩૧૦૦ - ૧૬૭૮૦૦ | ૦૧ | ૦૧ | --- | --- | --- | --- |
| ૬. | મદદનીશ કુલસચિવ | ૦૯ | ૫૩૧૦૦ - ૧૬૭૮૦૦ | ૦૨ | ૦૨ | --- | --- | --- | --- |

### સામાન્ય સૂચનાઓ અને માહિતીઃ–

૧. ઉપરોકત જગ્યાઓ ભરવાની મંજૂરી શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક : ભવય/૧૨૧૭/૬૦૨ / ખ–૨, તા.૧૯/ ૦૬/૨૦૧૮ તથા ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ– સપય/ ૧૩૨૦૧૨/ ૭૯૮/ ખ–૨, તા. ૧૦/ ૦૬/ ૨૦૧૯ થી મળેલ છે.

૨. ઉમેદવારોએ અનરીઝર્વ / એસ.ઈ.બી.સી. કેટેગરી માટે ફી પેટે રૂા.૧૦૦૦/– (એક હજાર રૂપિયા પૂરા) તથા એસ.સી./ એસ.ટી., કેટેગરીના ઉમેદવારો માટે ફી પેટે રૂા.૨૫૦/– (બસ્સો પચાસ રૂપિયા પૂરા)નો નોન–રીફંડેબલ ડીમાન્ડ ડ્રાફટ **"મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ"** ના નામનો સામેલ કરવાનો રહેશે.

૩. ઉકત જગ્યા માટેના અરજીફોર્મ તથા લાયકાતનાં ધોરણો યુનિવર્સિટીની વેબસાઈટ www.mkbhavuni.edu.in પરથી ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારે જે તે જગ્યા માટેની અરજી ૦૫(પાંચ) નકલમાં મોકલવાની રહેશે.

૪. વેબસાઈટ પર દર્શાવેલ નિયત અરજી પત્રક સિવાયની અરજી, અધુરી અરજી કે જરૂરી પ્રમાણપત્રો કે નોન–રીફંડેબલ ડીમાન્ડ ડ્રાફટ સામેલ ન કર્યા હોય તેવી અરજી કે નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

૫. એસ. સી.–એસ. ટી. કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર અરજી સાથે સામેલ કરવાનું રહેશે.

૬. ઉમેદવાર હાલમાં જે સંસ્થામાં સેવા બજાવતા હોય તે સંસ્થા મારફત અરજી કરવાની રહેશે.

૭. ઉમેદવાર જો એક કરતા વધારે જગ્યા માટે અરજી કરવા ઈચ્છતા હોય તો ઉપરોકત દરેક જગ્યાઓ માટે નિયત નમૂના મુજબ જરૂરી ફી સાથે અલગ–અલગ અરજી કરવાની રહેશે.

૮. અરજી પત્રકમાં વિગતો ખોટી રજુ કરવામાં આવેલ હશે અને સંસ્થાને જાણ થશે તો કોઈપણ તબકકે અરજી/ નિમણુંક રદ કરવામાં આવશે. નિર્ણય માટે આખરી સત્તા યુનિવર્સિટીની રહેશે.

૯. ઉપરોકત દરેક જગ્યાઓ ભરવા અંગેનો આખરી નિર્ણય/સત્તા યુનિવર્સિટીની રહેશે.

**કુલસચિવ**